**ગોંડલના મહે. એડી. ચીફ જ્યુડી.મેજી., (યુ.બી.દેવડા) સાહેબની કોર્ટમાં, ગોંડલ.**

**:: ફોજદારી કેસ નં.૨૧૬૪/૨૦૨૪ ના કામે આંક–૦૧ લગત હુકમ ::**

આ કામે આરોપી સામે પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુન્હો નોંધાયેલ હોય. આ કામે પોલિસ દ્વારા તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો જણાતો હોય, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. ત્યારબાદ પોતે ગુન્હો કબુલ કરવા માંગે છે તે અંગેની રજુઆત કરેલ. જેથી તેઓની પ્લી લેતા આ કામના આરોપીએ પોતાનો પ્રથમ ગુન્હો હોય અને ગરીબ વ્યકિત હોય અને કાયમી ગોંડલના રહેવાસી હોય, ઓછા દંડ કરવા રજુઆત કરેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા નટવર હરચંદ ઠાકોર વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના સિદ્ધાંતમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા નં.(૧) રમેશ ભીખાલાલ સોની વિરૂદ્ધ ગુજરાત રાજ્ય જી.એલ.આર. ૨૦૧૩(૨), પાના નં.૯૭૪, (૨) રાજેશકુમાર રતનલાલ સીંધી વિરૂદ્ધ ગુજરાત ૨૦૧૫(૩૮), જી.એચ.જે. પાના નં.૩૫૪ ના ચુકાદાઓમાં પણ પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે પુરતા અને વ્યાજબી કારણ હોય, ત્યારે કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય. જેથી આરોપીની રજુઆત જોતા નીચે મુજબ હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

આ કામે આરોપી **અંકુરભાઇ મનહરભાઇ રામાણી** ને પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું ગુનાના કામે જો કોઇ મુદ્દામાલ હોય તો તેની ખરાઇ કરી, મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૪/૦૩/૨૦૨૬ **ઈ/ચા.** રજા એડી. ચીફ જ્યુડી.મેજી.,
ગોંડલ. ગોંડલ.